ગાંધીનગર સમાચાર

અક્ષરધામ સામેના ફૂડ કોર્ટ માટેનો ડ્રો ૩જી ડિસેમ્બરે



**રાષ્ટ્રપતિના સ્વાગતની તૈયારી :** આગામી સપ્તાહમાં ભારતના રાષ્ટ્રપતિ અમદાવાદ-ગાંધીનગર આવી રહ્યા છે. ત્યારે શહેરના માર્ગોને સજાવાઈ રહ્યા છે. ફૂટપાથને સ્વચ્છ કરી નવા રંગોથી સજી રહી છે.

# પ્રચાર-પડધમ શાંત પણ ડેમેજ કંટ્રોલ કવાયત વેગીલી બનાવતા રાજકીય આગેવાનો

## મતદાન પ્રક્રિયા માટે તંત્ર પણ સજ્જ થઈ ચુક્યુ છે : આજે સાંજ સુધીમાં પોલિંગ પાર્ટીઓ મતદાન મથકે પહોંચી જશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર-પડધમ શાંત થઈ જતાં જ રાજકીય આગેવાનો દ્વારા ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરાઈ છે.

મતદાનની આડે હવે માત્ર ૧ જ દિવસ બાકી હોઈ ઉમેદવારો દ્વારા મતદારોને રિઝવવાના ખાનગી પ્રયત્નો શરૂ થઈ ગયા છે. તો રાજકીય આગેવાનો દ્વારા ડેમેજ કંટ્રોલની ખાનગી બેઠકોનો સિલસિલો આરંભાયો છે.

શનિવારે બપોરથી મતદાન માટે પોલીંગ પાર્ટીઓ રવાના જે તે મતદાન મથક માટે શરૂ થઈ જશે. રવિવારે સવારે ૮ વાગે મતદાન શરૂ થશે. આજે પ્રચાર પડધમ શાંત થતાં

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



સખેદ જણાવવાનું કે, અમારાં પરમ પૂજ્ય માતૃશ્રી ભારતીબેન (કાન્તાબેન) બળદેવપ્રસાદ વ્યાસનું તા. ૨૫-૧૧-૨૦૧૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. સદ્‌ગતનું બેસણું તા. ૨૯-૧૧-૨૦૧૫ને રવિવારે સવારના ૮ થી ૧૧ કલાક દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : " શાંતિનિકેતન " પ્લોટ નં. ૨૮૩/એ, ગાયત્રી મંદિરની પાસે, સેક્ટર - ૧-સી, ગાંધીનગર.

લી.

બીનાબેન રાજુભાઈ વ્યાસ (પુત્રવધૂ) — રાજુભાઈ બળદેવપ્રસાદ વ્યાસ (પુત્ર)
રશ્મિબેન ભાવિનભાઈ વ્યાસ (પુત્રવધૂ) — ડૉ. ભાવિનભાઈ બળદેવપ્રસાદ વ્યાસ (પુત્ર)
મીનાબેન ધીરજકુમાર વ્યાસ (પુત્રી) — ધીરજકુમાર ચંદુલાલ વ્યાસ (જમાઈ)
કોમલ રાજુભાઈ વ્યાસ (પૌત્રી) — રીધમ રાજુભાઈ વ્યાસ (પૌત્ર)
શ્રેયા ભાવિનભાઈ વ્યાસ (પૌત્રી) — અભિષેક ભાવિનભાઈ વ્યાસ (પૌત્ર)
સાહિલ ધીરજકુમાર વ્યાસ (દોહીત્ર)

જ્ઞાતિસમાજના રિવાજ મુજબ સદ્‌ગતનું દશમુ (સુંવાળા) તા. ૪-૧૨-૨૦૧૫ને શુક્રવારના રોજ ૧-૩૦ કલાકે રાખેલ છે

ફર્મ : ઈન્ડિયન આયન એક્ષચેન્જ એન્ડ કેમિકલ્સ લિ. ડાયમન્ડ પાર્ક, જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોએ એક કરોડ ખર્ચ્યા !!

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા સરેરાશ રૂ. એક લાખ જેટલો ખર્ચ થયો છે તે જિલ્લા પંચાયતમાં તો તા. પંચાયત માટે રૂ. ૫૦ હજાર જેટલો થવા જાય છે.

આજે ચૂંટણી ખર્ચના હિસાબો રજુ કરવાનો ત્રીજો તબક્કો હતો. જેમાં જિ.પં. અને તા.પં.ના ઉમેદવારોએ નિયત હિસાબ પત્રકમાં તેમના હિસાબો રજુ કરી દીધા છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં અંદાજે રૂ. ૧ કરોડ જેટલો ખર્ચ ઉમેદવારો અત્યાર સુધીમાં કરી ચુક્યા છે. જો કે આજે ઘણા બધા ઉમેદવારોએ યોજેલા રોડ શૉ ને પગલે તેમના ખર્ચમાં વધારો થવાના સંકેતો મળી રહ્યા છે.

રાજ્ય ચૂંટણી પંચે જિલ્લા પંચાયતની બેઠક દીઠ રૂ. ૨.૫૦ લાખની મર્યાદા નિયત કરી છે તો તા.પં.ની બેઠક દીઠ રૂ. ૧.૨૫ લાખની મર્યાદા નિયત કરેલ છે.

જિલ્લા પંચાયતની બેઠક દીઠ સરેરાશ એક લાખ રૂ.નો ખર્ચ ઉમેદવારોએ કર્યો હોવાનું તારણ આજે ત્રીજા તબક્કાની મુદત દરમ્યાન જણાયુ છે. તો તા.પં.માં ઉમેદવારોએ સારેરાશ ૫૦ હજારની આસપાસનો ખર્ચ કર્યાની વિગતો રજુ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે સ્માર્ટ સિટી અંગે મહત્વનો સેમિનાર

## સીટીપી ઓફિસ ખાતે મનપા દ્વારા યોજાયેલ આ વિશિષ્ટ સેમિનારમાં કેટલાક વિષયોનાં નિદર્શન પણ રજૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરને સ્માર્ટસીટી બનાવવા માટેના સૂચનોને લઈ એક ખાસ સેમિનાર શનિવારને તા. ૨૮મીના રોજ મહાનગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો છે.

સેંટ ઝેવિયર્સ સ્કૂલ સામે આવેલ સીટીપી ઓફિસ ખાતે યોજાયેલ આ સેમિનાર સવારે ૧૦ વાગે શરૂ થશે અને બપોરે ૧ વાગ્યા સુધી ચાલશે.

આ સેમિનારમાં સ્માર્ટ સીટી અંગેના સૂચનો પણ રજુ કરી શકાશે તેમ મનપાની યાદીમાં જણાવાયું છે. ૧૦ હજાર જેટલા સૂચનો તો મનપાને અત્યાર સુધીમાં મળી ચુક્યા છે. આ ઉપરાંત ૨૦૦ જેટલા સૂચનો ઓનલાઈન મળ્યા હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આજના સેમિનારમાં વિવિધ વિષયો

● અનુસંધાન પાન-૭ પર

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

- વિમાના ૮૫%* સુધી ધિરાણ
- સૌથી ઓછો વ્યાજદર*
- ઝડપી પ્રોસેસ
- સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

# અહીં તમામ ઉમેદવારોનું સ્વાગત છે

## રાજયભરમાં જયાં રાજકીય પક્ષો-ઉમેદવારોની પ્રવેશબંધી ફરમાવતા બોર્ડ લાગી રહ્યા છે ત્યાં વાવોલની દ્વારકેશ સોસાયટીના રહીશોનું અનુકરણીય પગલું : ઉમેદવારોનું સ્વાગત કરતું બોર્ડ લગાડાયું




(સમીર રામી દ્વારા) ગાંધીનગર, તા. ૨૭

પાટીદાર અનામત આંદોલન બાદ રાજયભરમાં એવી પરિસ્થિતિ પેદા થવા પામી છે કે અનેક ગામોમાં, સોસાયટીઓમાં કે મહોલ્લા-વિસ્તારોમાં વિવિધ રાજકીયપક્ષોના ઉમેદવારોને પ્રવેશ પર મનાઈ ફરમાવી દેતા બોર્ડ લટકાવી દેવામાં આવ્યાં છે. કયાંક ભાજપ માટે પ્રવેશબંધી છે તો કયાંક કોંગ્રેસ માટે, વળી કયાંક તો તમામ રાજકીય પક્ષો તથા અપક્ષ ઉમેદવારો સુધ્ધાં પર પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે. આ સંજોગોમાં સમગ્ર ગુજરાતભરમાં વાવોલ ખાતે એક માત્ર સોસાયટી એવી છે કે જયાં તમામ પક્ષોના તથા અપક્ષ ઉમેદવારોનું સ્વાગત કરતું બોર્ડ લગાવાયું છે. એટલું જ નહી પરંતુ સોસાયટી સત્તાવાળાઓ તરફથી દરેક ઘરમાં એક જયોત ફરતી કરી તમામ રહીશોને મતદાન કરવા આગ્રહ કરી તે અંગે સંકલ્પ પણ લેવડાવાય છે.

**દરેક ઘરમાં જયોત ફેરવી અચૂક મતદાન કરવા સંકલ્પ લેવડાવાયો**

રાજયભરમાં રાજકીય નેતાઓ પ્રત્યેનો અણગમો વધી રહ્યો છે, માત્ર પોતાની જ્ઞાતિ કે સમાજ અથવા કોમ માટે ફલાણા રાજકીય પક્ષે શું કર્યું કે ઢીંકણા રાજકીય પક્ષે શું કર્યું તેના આધારે મતદારો મૂલ્યાંકન કરી લોકશાહીમાં મતદાન જેવી પવિત્ર ફરજથી વિમુખ થઈ રહ્યાં છે. આ કારણે સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં ઓછા મતદાનની શકયતાઓ ઉભી થવા પામી છે જેનો કેટલાક ઉમેદવારોને ગેરલાભ પણ મળી જાય છે ત્યારે આ સંજોગોમાં વાવોલની દ્વારકેશ રેસીડેન્સીના રહીશોએ ખૂબ જ અનુકરણીય ઉદાહરણ પુરું પાડતા તમામ રહીશોને મતદાન ફરજિયાત કરવા પ્રેરણાત્મક પગલું ભર્યુ છે. આ સોસાયટીના દ્વારે તમામ રાજકીય પક્ષોના તથા અપક્ષ ઉમેદવારોને સ્વાગત કરી પોતાની વાત રજૂ કરવા આમંત્રણ પાઠવ્યું છે. આટલું નહી પરંતુ સોસાયટીના દરેક ઘરે એક જયોત ફરતી કરી તમામ ૧૪૪ ફલેટના કુટુંબોને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા વિનમ્ર અનુરોધ સાથે સંકલ્પ પત્ર ભરાવાઈ રહ્યાં છે. આ સાથે સોસાયટીના સંચાલકોએ મતદાનના દિવસે કોઈ પણ રાજકીય પક્ષ કે ઉમેદવારના વાહનો ઉપયોગ કરવાના બદલે સોસાયટી તરફથી જ વાહનની સગવડ ઉભી કરી તમામ મતદારો અચૂક મતદાન કરે તેની તકેદારી રાખવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દ્વારકેશ રેસીડેન્સીના દરવાજે લગાવાયેલ બોર્ડમાં લખ્યું છે કે, 'મતદાન કરવાનું ટાળવું એ લોકશાહીનું પાપ છે, ચુંટણીનો ના કરીએ બહિષ્કાર, મતાધિકારના ઉપયોગથી જ મળે છે અધિકાર.' આ ઉપરાંત 'અહીં


● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી

તા. ૨૯મી નવેમ્બર-૨૦૧૫, રવિવાર

મતદાન સમય- સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી

મતદાન અવશ્ય કરીએ...



- આપની પસંદગીના ઉમેદવારને મત આપવા માટે તે ઉમેદવારની સામેનું વાદળી બટન દબાવવાનું રહેશે.
- કોઇપણ ઉમેદવારને મત ન આપવો હોય તો "ઉપર પૈકી કોઇ નહીં" નોટાનું બટન દબાવવાનું રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જનહિતમાં જારી

# અક્ષરધામ સામેના ફૂડ કોર્ટ માટેનો ડ્રો ૩જી ડિસેમ્બરે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સે. ૩૦માં અક્ષરધામ સામે આવેલ ફૂડકોર્ટમાં સ્લોટ ફાળવવા અંગેનો ડ્રો ૩જી ડિસેમ્બરના રોજ યોજવામાં આવશે.

મામલતદાર દબાણની એક યાદીમાં જણાવાયા મુજબ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ સ્પે. સી.એ.નં. ૧૮૩૨૫/૨૦૧૪માં ગુજરાત હાઈકોર્ટના તા. ૧૫-૩-૨૦૧૫ના ઓરલ ઓર્ડર મુજબ સેક્ટર-૩૦ અક્ષરધામ સામે લારી ગલ્લાવાળાઓને ફૂડકોર્ટમાં સ્લોટ ફાળવવા અંગેનો જાહેર ડ્રો પ્રાંત અધિકારી ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને તા. ૩-૧૨-૨૦૧૫ના રોજ બપોરે ૧૫.૦૦ કલાકે સેક્ટર-૩૦ અક્ષરધામ સામે સ્થળ ઉપર રાખવામાં આવેલ છે. જેમાં સંબંધકર્તા તમામ લાભાર્થીઓને હાજર રહેવા જણાવવામાં આવ્યું છે.

# ગુજરાત વિદ્યાપીઠનો ૬૨મો પદવીદાન મંગળવારે યોજાશે

અમદાવાદ, તા. ૨૭

શિક્ષણ દ્વારા સમાજસેવાની અવિરત યાત્રાનો ૯૬માં વર્ષમાં પ્રવેશ કરનારા ગુજરાત વિદ્યાપીઠનો બાસઠમો પદવીદાન સમારંભ તા. ૦૧ ડિસેમ્બર, ૨૦૧૫ને મંગળવારના રોજ યોજાઈ રહ્યો છે. આ પ્રસંગે ભારતના માનનીય રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દીક્ષાન્ત પ્રવચન આપશે. પત્રકાર પરિષદને સંબોધન કરતાં કુલસચિવ રાજેન્દ્ર ખીમાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત વિદ્યાપીઠની પદવીદાન એક આગવી પરંપરા છે. તે મુજબ દરેક સ્નાતકે પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવાની હોય છે અને કુલપતિ પદવી લેનારને પદવી આપે છે. આટલાં વર્ષો પછી પણ આ પરંપરા યથાવત છે અને આ વર્ષે પણ પરંપરા જળવાશે.

કુલનાયક અનામિક શાહે જણાવ્યું કે, રાષ્ટ્રપિતા ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં આ અગાઉ પણ તત્કાલિન રાષ્ટ્રપતિ પદવીદાન સમારંભમાં આવી ચુક્યા છે. અમારા પરિસરમાં આ વર્ષે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આવી રહ્યા છે. તેનો અધ્યાપકો, સેવકો અને વિદ્યાર્થીઓમાં ઉમંગ છે. પરિસરમાં પુરજોશમાં તૈયારીઓ ચાલે છે. અમારી પરંપરા મુજબ શ્રમ, સફાઈ અને સુશોભનને લગતાં તમામ કામ અમે જાતે કરીએ છીએ. બીજા મહત્વની વાત એ છે કે, જે વ્યક્તિએ જીવનભર સત્યના પ્રયોગો કર્યા એ પ્રયોગવીર ગાંધીજીએ પ્રાણજીવન વિદ્યાર્થીભવનનું ખાતમુહૂર્ત પ્રખર વૈજ્ઞાનિક પ્રફુલ્લચંદ્ર રોયના હસ્તે કરાવ્યું હતું.

કંકોત્રી 50% દરે
લગ્ન કંકોત્રીની પસંદગી માટે વિશાળ શ્રેણી
ઝેરોક્ષ
મલ્ટીકલર ડિઝાઈન, ગુજરાતી - અંગ્રેજી ટાઈપીંગ, દરેક પ્રકારના પ્રિન્ટીંગ કામ માટે
સ્કીન પ્રિન્ટીંગ । ઓફસેટ પ્રિન્ટીંગ । મલ્ટીકલર પ્રિન્ટીંગ । ઝેરોક્ષ
ૐકાર ગ્રાફીક્સ
બી-૫, બેઝમેન્ટ, શાલીન કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨, ગાંધીનગર
વિશાલ કનૈયાલાલ પંડ્યા
મો. ૯૮૨૪૦ ૫૯૬૩૫, ૯૪૨૮૨ ૧૭૫૫૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com